<u>(સને૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ૩૫૫ મુજબનો ચુકાદો)</u>

**અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

આંક :–૪

(અ). કેસનો અનુક્રમ નંબર :– ૬૩૩૪૯/૧૯

(બ). ગુન્હો બન્યાની તારીખ :– ૨૫/૧૦/૨૦૧૮

(ક). ફરીયાદીનું નામ :– શ્રી સરકાર

(ડ). આરોપીઓના નામ અને સરનામુ :– પરમજીતસિંહ બલકારસીંગ શેરગીલ
ઉં.વ.૩૬
રહે.એફ–૧૪/૫,નોબલનગર, કુબેરનગર,
અમદાવાદ

(ઈ). ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત :– ઈ.પી.કો.કલમ–૧૮૮ તથા જી.પી.એકટ કલમ ૧૩૧ મુજબ.
થયેલો આરોપ.

(ફ). આરોપીઓનો જવાબ અને તપાસણી :–

સવાલ– સવાલ તમોને ફરીયાદની હકીકતો વાંચી સંભળાવી તેમાં જણાવેલ ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ–મને ગુનો કબુલ છે.

..........................................

મારી રૂબરૂ,

તા.૧૪/૯/૨૦૧૯.

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ.

(૧). આ કામમાં એફ ડીવીઝન ટ્રાફીક પો.સ્ટેશન દ્વારા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૧૮૮ તથા જી.પી.એ.ક.૧૩૧ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ. પ્રો. કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે.આરોપીએ ત્યારબાદ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં ગુનો કબુલાત પુરસીસ આંક–૩ થી રજુ કરેલ છે,ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે આંક–૪ થી પ્લી/ નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપી આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે.એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**::: હુ ક મ :::**

દરેક આરોપીને ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૨ હેઠળ ઈ.પી.કો. કલમ–૧૮૮ તથા જી.પી. એ.ક.૧૩૧ ના ગુના માટે તકસીરવાન ઠરાવી સંયુકતપણે રૂા.૧૫૦/–(અંકે રૂપીયા એકસો પચ્ચાસ ) પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૨(બે) દિવસ સાદી કેદની સજા કરવામાં આવે છે.

આ કામે કબજે લીધેલ ટ્રક નં.જી.જે.૦૭.વાયઝેડ–૧૪૭૪ ની તેના માલીકને પરત સોંપવાનો હુકમ અત્રેની અદાલતે કરેલ છે તે કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૧૪/૦૯/૨૦૧૮.

(એ.વાય.દવે)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં.GJ00451